# ગુજરાતમાં બેવડી ઋતુનો અહેસાસ

## તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચે એવી શક્યતા : ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુચક્ર પર તેની અસર જોવા મળી રહી છે : રાજ્યમાં ઉત્તર પૂર્વના પવનો ફુંકાઈ રહ્યા છે

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં કાળઝાળ ગરમીની શરુઆત થઈ ચૂકી છે. આ સિવાય રાજ્યમાં બેવડી ઋતુનો અહેસાસ લોકો કરી રહ્યાં છે. મોડી રાત્રે અને વહેલી સવારે ઠંડીનો સામાન્ય ચમકારો જોવા મળી રહ્યો છે. તો દિવસ દરમિયાન કાળઝાળ ગરમી અનુભવાઈ રહી છે. ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુચક્ર આડુઅવળું થઈ ગયું છે. બીજી તરફ ગમે ત્યારે વાતાવરણમાં પલટો આવે છે અને ત્રણેય ઋતુઓ એક સાથે જોવા મળી રહી છે. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યના કેટલાંક વિસ્તારોમાં માવઠું પડી શકે છે. બે દિવસ રાજ્યમાં કાળઝાળ ગરમી પણ પડશે. સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવાની શક્યતા છે. આ સિવાય અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયુ વાતાવરણ રહેશે. હવામાન વિભાગની આ આગાહી બાદ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુચક્ર પર તેની અસર જોવા મળી રહી છે. રાજ્યમાં ઉત્તર પૂર્વના પવનો ફુંકાઈ રહ્યા છે અને તાપમાનમા નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

અગાઉ માવઠાંનું વાતાવરણ રહેતા ગરમીનું પ્રમાણ ઘટ્યુ હતુ. ત્યારે હવામાન વિભાગે પોતાની આગાહીમાં જણાવ્યું છે કે, આગામી ૧૩,૧૪ અને ૧૫ માર્ચ દરમિયાન ઉત્તર, દક્ષિણ અને સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી શકે છે. રાજ્યમાં ગાજવીજ અને ભારે પવન સાથે કમોસમી વરસાદ પડી શકે છે.

ઉત્તર-દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી શકે છે. એટલું જ નહીં ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં ભારે પવન ફૂંકાય એવી પણ શક્યતા છે. સાથે જ હવામાન વિભાગે રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધે એવી પણ વકી કરી છે. કચ્છ, ગીર, સોમનાથ અને વેરાવળમાં હિટવેવની આગાહી પણ હવામાન વિભાગે કરી છે. નજીકના સમયમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી જાય એવી પણ શક્યતા છે. આ સિવાય અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી શકે છે.

### અંબાજીમાં પ્રસાદ વિવાદ પર નીતિન પટેલનું નિવેદન

## પ્રસાદનો મુદ્દો ટ્રસ્ટ-ભક્તો વચ્ચે ચાલે છે, સરકાર યોગ્ય નિરાકરણ લાવશે

અંબાજી, તા.૧૨

અંબાજીમાં મોહનથાળના પ્રસાદનો મુદ્દો દિવસેને દિવસે વકરતો જઈ રહ્યો છે. ત્યારે અંબાજીમાં મોહનાથાળનો પ્રસાદ ચાલુ રાખવાના વિવાદ અંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું એક મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. નીતિન પટેલે જણાવ્યું છે કે આ મુદ્દો ટ્રસ્ટ અને ભક્તો વચ્ચે ચાલે છે. સરકાર યોગ્ય નિરાકરણ લાવશે. અંબાજીમાં મોહનથાળનો પ્રસાદ ફરી શરૂ કરવાની માંગનો મુદ્દો તીવ્ર બનતો જઈ રહ્યો છે. ત્યારે મહેસાણામાં પૂર્વ નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું છે કે આ મુદ્દો ટ્રસ્ટ અને ભક્તો વચ્ચે ચાલી રહ્યો છે. સરકાર આ મુદ્દે યોગ્ય રીતે નિરાકરણ કરશે. આ સિવાય નીતિન પટેલે મોહનથાળના પ્રસાદ મુદ્દે વધુ કાંઈ કહેવાનું ટાળ્યું હતું.

નીતિન પટેલે જે વાત કહી છે તેનાથી ભક્તોમાં આંશિક હર્ષની લાગણી છવાઈ છે કે જો સરકાર આ મુદ્દે નિર્ણય કરશે તો તે ભક્તોના પક્ષમાં હશે.

વિવિધ સંગઠનો સિવાય ગુજરાત કોંગ્રેસે પણ અંબાજીમાં મોહનથાળ રૂપે પ્રસાદ વેચવામાં આવે તેવી માંગ કરી છે. કોંગ્રેસના નેતા જગદીશ ઠાકોરે પણ આકરા શબ્દોમાં પોતાની વાત રજૂ કરીને અનેક સવાલો ઉઠાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, અંબાજીમાં મોહનથાળના પ્રસાદને બંધ કરીને ચીકીનો પ્રસાદ આપવામાં આવે છે, પરંતુ આ મુદ્દે વિશ્વ હિન્દુ પરિષદ સહિત વિવિધ સંગઠનો રાજકીય પક્ષો અને દર્શન કરવા માટે આવતા દર્શનાર્થીઓએ વિરોધ વ્યક્ત કર્યો છે. જેમાં પરંપરાગત મોહનથાળના પ્રસાદને શરુ કરવાની તીવ્ર માંગ કરવામાં આવી રહી છે. આ મુદ્દે રાજયના પૂર્વ નાણાંમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નીતિન પટેલે પોતાનું નિવેદન આપીને માઈભક્તોમાં એક વિશ્વાસ જગાડ્યો છે.

## દાંતાના મહારાજે મોહનથાળનો પ્રસાદ ચાલુ રાખવા માંગ કરી છે

### દાંતા સ્ટેટ મહારાજા પરમવીર સિંહનું નરેન્દ્ર મોદીને ટ્વીટ

પાલનપુર, તા.૧૨

અંબાજી મંદિરની ઓળખ ધરાવતા મોહનથાળ પ્રસાદ બંધ કરાતા વિરોધનો મધપૂડો છંછેડાયો છે. પ્રસાદનો આ મામલો હજુ પણ દેશભરમાં ગાજી રહ્યો છે. અનેક વખત માંગ અને રજુઆત છતાં મંદિરમાં મોહનથાળનો પ્રસાદ ફરી શરૂ કરવામાં ન આવતા ભક્તોમાં આક્રોશનો જ્વાળા ભભૂકયો છે. અનેક સંગઠનો માંગ કરી રહ્યા છે. છતાં તંત્ર આ દિશામાં કાર્યવાહી ન કરતા હવે અંબાજીમાં પ્રસાદી મામલે દાંતાના મહારાજાનું ટ્વીટ સામે આવ્યું છે. દાંતા સ્ટેટ મહારાજા પરમવીર સિંહ દ્વારાઁ સ્મોદીને ટ્વીટ કરવામાં આવ્યું છે જે ને લઈને મામલો દિલ્હી દરબારમાં પહોંચ્યોછે. જેમાં મોહનથાળનો પ્રસાદ ૯૦૦ વર્ષ અગાઉથી માતાજીને ધરાવાય છે. જેની સાથે પરંપરા અને શ્રદ્ધા જળવાયેલી છે. જેથી મોહનથાળનો પ્રસાદ બંદ કરવો અયોગ્ય છે. મોહનથાળનો પ્રસાદ બંધ કરાતા ભક્તોમાં પણ નારાજગી સાથે આસ્થા ખૂટી રહી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. અંબાજી મંદિરમાં પ્રસાદ વિવાદ મામલે કોંગ્રેસે ભાજપ પર આક્ષેપો કર્યા હતા. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે પ્રહાર કરતા કહ્યું હતું કેમહુડીમાં પણ સુખડીનો પ્રસાદ બંધ કરી ગોળધાણાં ચાલુ કરી શકે છે. મોહનથાળનો પ્રસાદ બંધ કરાતા સ્થાનિકોની રોજગારી છીનવાઈ છે. આ તમામ લોકોની સમસ્યાને ધ્યાને લઈને અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદ ચાલુ થાય તેવી કોંગ્રેસ દ્વારા માંગ કરાઈ છે.

## રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના અભિયાનને જન આંદોલનમાં પરિવર્તિત કરીએ : રાજ્યપાલ



રાજયપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ હોલ ખાતે પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક શોધ કાર્યશાળા યોજાઈ હતી. નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોને સંબોધન કરતાં રાજ્યપાલે જણાવ્યું કે, આજે ગુજરાતના લગભગ દરેક ગામડામાં પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. લોકોના આરોગ્ય, જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણને બચાવવા માટે પ્રાકૃતિક ખેતીના આ અભિયાનને આગામી દિવસોમાં એક જનઆંદોલનમાં પરિવર્તિત કરવામાં આવશે. પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં રોલ મોડલ બની ઉભરશે.

તાજેતરમાં રાજભવનમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત દરમિયાન પ્રાકૃતિક ખેતીના વ્યાપને વધારવા માટેની કાર્યયોજના પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટેની યોજનાની જાણકારી આપતાં રાજ્યપાલે જણાવ્યું કે, દરેક તાલુકામાં ૧૦-૧૦ ગામોનું એક ક્લસ્ટર-સમૂહ બનાવવામાં આવશે. જેમાં સંપૂર્ણપણે પ્રાકૃતિક ઢબે ખેતી કરતા ખેડૂતોને કે, જેણે પ્રાકૃતિક ખેતીમાં એક મોડલ પ્રસ્થાપિત કર્યું છે અને પ્રાકૃતિક ખેતીના પોતાના અનુભવો અને ફાયદાઓ અન્ય ખેડૂત સુધી પહોંચાડી શકે એમ છે તેને એક ટ્રેનર તરીકે તૈયાર કરવામાં આવશે. આ ખેડૂત-ટ્રેનર કલસ્ટરના અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે તાલીમ આપશે. આમ, આયોજનબદ્ધ રીતે સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને આગળ વધારવામાં આવશે.

આ તાલીમ ગામની જાહેર જગ્યામાં યોજવામાં આવશે. જ્યાં પાણી સહિત અન્ય પ્રાથમિક સગવડતા હોય જેથી બિન જરૂરી ખર્ચ ન કરવો પડે. પ્રાકૃતિક ખેતીની તાલીમ લેનાર ખેડૂતોનું રજીસ્ટર નિભાવવામાં આવશે અને તેની સમયાંતરે સમીક્ષા પણ કરવામાં આવશે. રાજ્યપાલે જણાવ્યું કે, ૧૯૬૦ ના દાયકામાં હરિત ક્રાંતિની શરૂઆત થઈ ત્યારે જમીનનો ૨ થી ૨.૫ ટકા ઓર્ગેનિક કાર્બન હતો. જ્યારે આજે યુરિયા, ડીએપીના અંધાધૂધ ઉપયોગથી ધરતીનું ઓર્ગેનિક કાર્બન ૦.૩ થી ૦.૫ ટકા સુધી આવી ગયો છે. રાજયપાલે પ્રાકૃતિક ખેતીના અનુભવના આધારે ઓર્ગેનિક કાર્બન વધારવા માટેના ઉપાયો જણાવી ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા.

## ઓસ્ટ્રેલિયાનો સ્કોર વિના વિકેટે ૩ રન, ભારતથી ૮૮ રન પાછળ

### ચોથા દિવસની રમત પૂર્ણ : ટીમ ઇન્ડિયાએ ચોથા દિવસે શાનદાર બેટિંગ કરતાં ૧૭૮.૫ ઓવર રમીને ૫૭૧ રનોનો સ્કોર કરી દીધો



અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં રમાઈ રહેલી ચોથી ટેસ્ટમાં ચોથા દિવસની રમત પૂર્ણ થઈ ચૂકી છે. ઓસ્ટ્રેલિયાએ પોતાની બીજી ઈનિંગ શરૂ કરી લીધી છે. પ્રથમ ઈનિંગમાં ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયાને ૯૧ રનની લીડ આપી હતી.

ચોથા દિવસના અંતે બેટિંગમાં ઉતરેલી કાંગારુ ટીમે માત્ર ૬ ઓવર રમીને વિના વિકેટે ૩ રન બનાવ્યા હતા, ઓસ્ટ્રેલિયા તરફથી અત્યારે ક્રિઝ પર ટ્રેવિસ હેડ અને મેથ્યૂ કૂહેનમેન રમી રહ્યાં છે. આ સાથે જ ઓસ્ટ્રેલિયન ટીમ હજુ ભારતથી ૮૮ રન પાછળ ચાલી રહી છે. ચોથી ટેસ્ટનો ચોથો દિવસ સંપૂર્ણ રીતે ભારતીય ટીમની પક્ષમાં રહ્યો હતો.

ઓસ્ટ્રેલિયન ટીમની બીજી ઈનિંગ શરૂ થઈ ચૂકી છે. ક્રિઝ પર અત્યારે કાંગારુ ટીમ તરફથી મેથ્યૂ કૂહેનમેન શૂન્ય અને ટ્રેવિસ હેડ ૨ રન બનાવીને રમી રહ્યાં છે. ૫ ઓવરના અંતે ઓસ્ટ્રેલિયાનો સ્કૉર વિના વિકેટે ૨ રન પર છે. ચોથા દિવસે ભારત તરફથી વિરાટ કોહલીની શાનદાર બેટિંગ જોવા મળી, વિરાટે ચોથા દિવસે કાંગારુઓ બૉલરોને હંફાવ્યા હતા. વિરાટે શાનદાર બેટિંગ કરતાં ૩૬૪ બૉલનો સામનો કર્યો હતો, જેમાં ૧૫ ચોગ્ગા સાથે ૧૮૬ રનની વિરાટ ઈનિંગ રમી હતી. જોકે, છેલ્લી વિકેટ તરીકે વિરાટની જ વિકેટ પડતાં ભારતની પ્રથમ ઈનિંગ સમેટાઇ ગઇ હતી. ભારતે ઓસ્ટ્રેલિયા પર પ્રથમ ઈનિંગમાં ૯૧ રનોની લીડ મેળવી હતી. ભારતનો સ્કૉર ૫૭૧ રન પર પહોંચ્યો હતો.

ભારતની પ્રથમ ઈનિંગ પૂર્ણ થઈ ગઇ છે, ટીમ ઇન્ડિયાએ ચોથા દિવસે શાનદાર બેટિંગ કરતાં પોતાની પ્રથમ ઈનિંગ પૂર્ણ કરી લીધી છે. ભારતે ૧૭૮.૫ ઓવર રમીને ૫૭૧ રનોનો વિશાલ સ્કૉર કરી દીધો છે. આ સાથે જ ઓસ્ટ્રેલિય ટીમને ૯૧ રનની લીડ મળી છે.

## સુરતમાં ક્લાસ-૧ અધિકારીની ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

### આઉટસોર્સના ડ્રાયવર તરીકે ફરજ બજાવતો કર્મચારી સહિત ત્રણ શખ્સો વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયા છે

સુરત,તા.૧૨

પોલીસ વિભાગ હોય કે પછી અન્ય સરકારી વિભાગમાં આઉટસોર્સના કર્મચારીઓની કોન્ટ્રાક્ટ હેઠળ ભરતી કરવામાં આવે છે. હાલ પણ અલગ અલગ વિભાગોમાં આ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. ત્યારે સુરતમાં ડેપ્યૂટી કલેકટરની સરકારી ગાડી પર આઉટસોર્સના ડ્રાયવર તરીકે ફરજ બજાવતો કર્મચારી સહિત ત્રણ શખ્સો વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયા છે. સૌથી મહત્વની વાત સામે આવી છે કે, દારૂની હેરાફેરી અન્ય કોઈ વાહનમાં નહીં પરંતુ ક્લાસ વન અધિકારીની સરકારી ગાડીમાં જ કરવામાં આવતી હતી.

મળતી માહિતી પ્રમાણે, સુરતની રાંદેર પોલીસે ક્લાસવન અધિકારીની ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા આઉટસોર્સના ડ્રાયવર સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. રાંદેર પોલીસના જણાવ્યા અનુસાર, પોલીસે ચોક્કસ બાતમીના આધારે રાંદેર વિસ્તારમાંથી ક્લાસ વન અધિકારીની સરકારી ગાડી સહિત અન્ય એક ફોર વ્હીલ કાર ઝડપી પાડી હતી. સરકારી ગાડીમાં તપાસ કરતા વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જ્યાં સ્થળ પરથી કુલ બે વાહનો, ૨૫ હજારથી વધુની મત્તાનો વિદેશી દારૂ સહિત આઠ લાખથી વધુની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી આઉટસોર્સના ડ્રાયવર જેનિષ, રાહુલ અને સાજીદ નામના શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યુ હતુ કે, આરોપીઓ આઉટસોર્સના ડ્રાયવર તરીકે નોકરી કરે છે. ત્રણ અધિકારીઓને આ સરકારી ગાડી ફાળવવામાં આવી છે. જેના પર જેનિષ અને રાહુલ નામના શખ્સો કામ કરે છે. ગાડી રિપેરીંગ માટે ગેરેજમાં લઈ જવાની છે કહીને આરોપીઓ દ્વારા લઈ જવામાં આવી હતી. ત્યારબાદ સરકારી ગાડીમાં દમણથી દારૂ લાવવામાં આવતો હતો. સરકારી ગાડી હોવાથી પોલીસ નહીં રોકી શકે અને સરળતાથી દમણથી દારૂ સુરતમાં લઈ આવવામાં પણ સહેલાઈ રહે તે હેતુથી આરોપીઓએ સરકારી ગાડીનો દુરુપયોગ કર્યો હતો.

### ખાલિસ્તાની આતંકીઓની ગુજરાતીઓને ધમકીનો મામલે

## મ.પ્રદેશથી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે

### ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલ યુનિટને મોટી સફળતા મળી

અમદાવાદ, તા.૧૨

એક દિવસ પહેલા અમદાવાદના મોટેરાના નમો સ્ટેડિયમમાં અમદાવાદ ભારત વચ્ચે ટેસ્ટ મેચની શરૂઆત થઈ. જેમાં ભારત અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન હાજર રહ્યા હતા. આ મેચ આખી દુનિયામાં ચર્ચાનું કેન્દ્ર બની રહી. પરંતું આ વચ્ચે ગુજરાતમાં હજારો લોકોને ઓડિયો-વીડિયો મેસેજ અને કોલ મળ્યા હતા. તેમજ એક વીડિયો પણ વાયરલ થયો. આ પાછળ ખાલિસ્તાનીઓનું ષડયંત્ર હોવાનું સામે આવ્યું છે.

ખાલિસ્તાનવાદી ગુરપરવંતસિંહ પન્નુએ ધમકી વાયરલ કરી હોવાનું તપાસમાં ખૂલ્યું છે. ત્યારે ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલ યુનિટને મોટી સફળતા મળી છે. મધ્યપ્રદેશથી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

ખાલિસ્તાન તરફી જૂથ દ્વારા #INDvAUS મેચમાં વિક્ષેપ પાડવાની ધમકીઓનો મામલે ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલ યુનિટને મોટી સફળતા હાથ લાગી છે. મધ્યપ્રદેશમાંથી બે આરોપીઓ પકડાયા છે.

### તંત્ર સજ્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરો, વ્યવસાયવેરો તેમજ અન્ય વેરાઓની વસુલાત માટે તંત્ર આક્રમક રૂપમાં જોવા મળી રહ્યુ છે.

જિલ્લામાં વેરા-વસુલીની નબળી કામગીરી ગાંધીનગરમાં થતી હોવાની છાપ ભૂંસવા માટે તંત્ર હવે આક્રમક મૂડમાં જોવા મળી રહેલ છે.

### સદી ફટકારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિરાટ કોહલીએ મેચના ચોથા દિવસે એટલે કે આજે ધીમી બેટિંગ કરી હતી. તેણે પહેલાં સેશનમાં એક પણ બાઉન્ડ્રી ફટકારી નહોતી. પિચથી પણ બોલરોને મદદ મળી રહી હતી. પરંતુ વિરાટે પોતાનું ધૈર્ય ગુમાવ્યું નહીં અને ટેસ્ટમાં ત્રણ વર્ષથી વધુ સમય બાદ સદી ફટકારી ગતી. જો કે, ગયા વર્ષે તેણે અફઘાનિસ્તાન વિરુદ્ધની ટી૨૦ મેચ અને બાંગ્લાદેશ વિરુદ્ધ વનડેમાં સદી ફટકારી હતી. આ વર્ષની શરુઆતાં શ્રીલંકા વિરુદ્ધ વિરાટે વનડેમાં બે સદી ફટકારી હતી.

છેલ્લાં ત્રણ વર્ષોથી ટેસ્ટમાં વિરાટ કોહલીનું બેટ સંપૂર્ણ રીતે શાંત જોવા મળ્યું હતું. તેણે ૨૦૨૦માં ૧૯.૩૩ની એવરેજથી ૧૧૬, ૨૦૨૧માં ૨૮,૨૧ના એવરેજતી ૫૩૬ અને ૨૦૨૨માં ૨૬.૫ની એવરેજથી ૨૬૫ રન બનાવ્યા હતા. છેલ્લી પંદર ઈનિંગમાં તે ફિફટી પણ ફટકારી શક્યો નથી. આ વર્ષની શરુઆત વિરાટ કોહલી માટે સારી નહોતી. બોર્ડર ગવાસ્કર સીરિઝના પહેલાં ત્રણ મુકાબલામાં વિરાટે ૧૧૧ રન બનાવ્યા હતા. સીરિઝમાં ડેબ્યૂ કરી રહેલાં ટોડ મર્ફીએ તેને પરેશાન પણ કર્યો હતો.

### કડક કાર્યવાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રવૃત્તિઓમાં સામેલ લોકોની સંખ્યા ઘટી રહી છે અને ઘણા લોકો શસ્ત્રો છોડીને મુખ્ય પ્રવાહમાં જોડાઈ રહ્યા છે.

CISF પ્રથમ વખત દિલ્હી-NCRની બહાર તેનો વાર્ષિક સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. હકીમપેટ ખાતે CISF રાષ્ટ્રીય ઔદ્યોગિક સુરક્ષા એકેડમીમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ફાઉન્ડેશન ડે પરેડ દરમિયાન જવાનોએ મોકડ્રીલ પણ કરી હતી.

CISF ની સ્થાપના ૧૦ માર્ચ, ૧૯૬૯ ના રોજ ભારતીય સંસદના કાયદા હેઠળ કરવામાં આવી હતી. ત્યારથી, દર વર્ષે ૧૦ માર્ચે ઝૈંજીહ્લ રાઈઝિંગ ડે ઉજવવામાં આવે છે. આ વર્ષે હૈદરાબાદમાં CISFનો વાર્ષિક રાઈઝિંગ ડે સમારોહ યોજાયો હતો. આ પહેલા શનિવારે અમિત શાહે કહ્યું હતું કે CISF ભારતની આંતરિક સુરક્ષાના સ્તંભોમાંથી એક છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પહેલીવાર છે જ્યારે CISF રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીની બહાર 'રાઈઝિંગ ડે' ફંક્શનનું આયોજન કરી રહ્યું છે. અગાઉ દર વર્ષે તે ગાઝિયાબાદમાં સીઆઈએસએફ મેદાનમાં યોજાયો હતો. ગયા વર્ષે, અમિત શાહે ગાઝિયાબાદના ઈન્દિરાપુરમ ખાતે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સના ૫૩માં રાઈઝિંગ ડેની ઉજવણીમાં હાજરી આપી હતી.

## અમદાવાદના આરોગ્ય વિભાગે નિયમોનું પાલન નહીં કરતા કુલ ૩ ધંધાકીય એકમ સીલ કર્યા

### કુલ ૨૮ નોટિસ ઇસ્યૂ કરી : બિનઆરોગ્યપ્રદ ૨૭ કિલોગ્રામ અને ૪૦ લિટર અખાદ્ય પદાર્થનો નાશ કર્યો

અમદાવાદ, તા.૧૨

શહેરમાં છેલ્લા અનેક મહિનાઓથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. ત્યારે શિયાળાની ઋતુમાં વરસાદી માહોલ અને ગરમીની અસર જોવા મળી હતી. તો ગરમી માર્ચના અંતમાં શરૂ થતી હોય છે. તેવામાં આ વર્ષે માર્ચની શરૂઆતથી જ ગરમી પડી રહી છે. ત્યારે અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે શહેરમાં વેચાતા ફૂડ પર તવાઈ બોલાવી છે. ત્યારે અનેક ખાદ્ય પદાર્થના સેમ્પલ લઈને તેના ચોંકાવનારા રિપોર્ટ સામે આવ્યા છે. અમદાવાદ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગે શહેરમાં ડબલ ઋતુના પગલે શહેરની જાણીતી કંપનીઓના પ્રોડક્ટ અને ખાદ્ય સામગ્રીના નમૂના લઈ લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. તેમાં ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા અલગ અલગ ટીમ બનાવી અમદાવાદ શહેરમાં આવેલા ખાદ્ય ધંધાકીય એકમોની તપાસ દરમિયાન ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ અન્વયેના નિયમોનું પાલન ન કરતા કુલ ૩ ધંધાકીય એકમ સીલ કર્યા છે. તેમજ કુલ ૨૮ નોટિસ ઈસ્યૂ કરી રૂપિયા ૧૨ હજારનો વહિવટી ચાર્જ વસૂલ્યો છે. તેમજ બિનઆરોગ્યપ્રદ ૨૭ કિલોગ્રામ અને ૪૦ લિટર અખાદ્ય પદાર્થનો નાશ કર્યો છે.

નોંધનીય છે કે, શહેરમાં ગત સપ્તાહે તહેવારની સિઝન દરમિયાન ખજૂર, પતાસા, હાયડા, ગીયર, ધાણી, આઈસ્ક્રિમ, કુલ્ફી, લસ્સી અને નમકીન તેમજ ખાદ્ય તેલના કુલ મળી ૯૮ શંકાસ્પદ નમૂના લઈ પૃથ્થકરણ અર્થે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

આ ઉપરાંત જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં લેવાયેલા ૨૫૬ શંકાસ્પદ નમૂનામાંથી ૨૩૮ પ્રમાણિત અને ૧૦ અપ્રમાણિત સાબિત થયા છે. તેમજ હજુ પણ ૮ નમૂનાના પરિણામ પેન્ડિંગ છે. તહેવારની સિઝન દરમિયાન ૧૦ અપ્રમાણિત થયેલા ખાદ્ય પદાર્થમાં ગુજરાતની જાણીતી શિખંડ બનાવનાર કંપનીના નમૂના પણ અનસેફ ફૂડ સાબિત થયા છે.